INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા.૨૭.૦૭.૨૦૨૪

- **MSP, કૃષિ વિષયક યોજનાઓ, કૃષિ પાકની ટેકાના ભાવે ખરીદી, PM કિસાન સન્માન નિધી યોજના કે સિંચાઇના પાણી બાબતે સંસદમા ભાજપા સરકારના મંત્રીઓ સત્યથી વેગળી અને અધુરી માહીતી મુકીને સંસદને ગેરમાર્ગે દોરે છે. – મનહર પટેલ**
- **PM કિસાન સન્માન નિધી યોજના દેશના ૧૪.૬૪ કરોડ ખેડુતો માટેની યોજના અને લાભ મળે છે માત્ર ૯.૪૭ કરોડ ખેડુતોને તો બાકીના ૫.૧૭ કરોડ અન્નદાતાઓને કેમ નહી? મનહર પટેલ**
- **ભારત કુલ જરુરીયાતના ૬૦% ખાદ્ય તેલની આયાત કરે છે જ્યારે દાળ ૨૦૨૩-૨૪ મા ૨૮.૪૦ લાખ ટન આયાત કરી, આમ છતા નાણામંત્રી સંસદમા કહે છે "આત્મનિર્ભર ભારત". – મનહર પટેલ**

૨૦૨૪-૨૫ ના બજેટ દરમ્યાન નાણામંત્રીએ કૃષિ વિષયક અનેક બાબતો સત્યથી વેગળી, અધુરી અને સરકારી આંકડાથી વિપરીત રજુ કરી સંસદને ગુમરાહ કરેલ છે.

કૃષિ મુલ્ય નિર્ધારક આયોગ (Commission for Agricultural Costs and Prices-CACP) ના અહેવાલ મુજબ ખરીફ પાકોની ૨૦૨૪-૨૫ માટેની MSP (C2+50%) કેન્દ્ર સરકાર દ્વારા ખેડુતોને આપવામા આવી નથી, ભાજપા સરકારની વ્યાખ્યા મુજબની MSP ખેડુતોને આપે છે જે ખરેખર MSP (C2+50%) નથી. અને જે MSP જાહેર કરે છે, તે ભાવે પાક ખરીદવામાં નિષ્ફળ જાય છે. આમ સત્યથી વેગળી વાત સંસદમા કરીને સંસદને ગેરમાર્ગે દોરી તેમજ ખેડુતોના અધિકાર છીનવનારી વાત મુકી છે. ખરી હકીકત અમે આ સાથે ટેબલમા સ્પષ્ટ કરીએ છીએ.

| ખરીફ પાકનુ નામ | CACP ના અહેવાલની MSP (C2+50%) / ક્વિન્ટલ/Rs | કેન્દ્ર સરકારે જાહેર કરેલ MSP / ક્વિન્ટલ/Rs | ખેડુતોને ચોખ્ખી નુકશાની / ક્વિન્ટલ/Rs |
|---|---|---|---|
| ડાંગર | ૩૦૧૨ | ૨૩૦૦ | -૭૧૨ |
| જુવાર | ૪૪૩૭ | ૩૩૭૧ | -૧૦૬૬ |
| બાજરા | ૨૯૦૪ | ૨૬૨૫ | -૨૭૯ |
| મકાઇ | ૨૭૯૪ | ૨૨૨૫ | -૫૬૯ |
| રાગી | ૫૧૯૭ | ૪૨૯૦ | -૯૦૭ |
| તુવેર | ૯૭૫૬ | ૭૫૫૦ | -૨૨૦૬ |
| મગ | ૧૦૯૫૬ | ૮૬૮૨ | -૨૨૭૪ |
| અડદ | ૯૭૪૪ | ૭૪૦૦ | -૨૩૪૪ |
| મગફળી | ૮૪૯૬ | ૬૭૮૩ | -૧૭૧૩ |
| સોયાબીન | ૬૪૩૬ | ૪૮૯૨ | -૧૫૪૪ |

૨૦૧૪-૨૦૨૪ સુધીમા કેન્દ્ર સરકારે પાંચ જેટલી કૃષિ લક્ષી યોજનાઓ ખેડુતો માટે જાહેર કરી તેમા બજેટમા કુલ ૭,૬૭,૮૧૪ કરોડ રુપિયાની જોગવાય કરવામા આવી તેમાથી ૨,૯૧,૪૮૦ કરોડ રુપિયા એટલે કે ૩૮ % ભંડોળ વણવપરાયેલુ પરત ગયુ. જે ભાજપા સરકારની ખેડુત વિરોધી વલણ સ્પષ્ટ કરે છે. આમ બજેટમા મોટા મોટા આંકડામા નાણાની ફાળવણી કરવી મોટી મોટી જાહેરાતો કરીને માત્ર ચુંટણી જીતવાની માનસિકતા દેખાય છે, આ સાથેની વિગતોથી દેશના ખેડુતો સ્પષ્ટ બન્યા છે. અને ભાજપા સરકાર ખુલ્લી પડી છે.

| **યોજનાનુ નામ** | **વર્ષ** | **બજેટમા ફાળવેલ નાણા Cr** | **વપરાયેલ નાણા Cr** | **વણવપરાયા નાણા Cr** | **વણવપરાયા નાણા %** |
|---|---|---|---|---|---|
| PM કિસાન યોજના | ૨૦૨૦-૨૪ | ૪,૦૩,૦૦૦ | ૨,૩૪,૭૮૩ | ૧,૬૮,૨૧૭ | ૪૮ |
| ટુંકી મુદતનુ ધિરાણ | ૨૦૧૬-૨૪ | ૧,૬૮,૭૪૩ | ૧,૧૧,૪૨૩ | ૫૭,૩૨૦ | ૩૪ |
| રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના | ૨૦૧૫-૨૪ | ૫૪,૫૪૩ | ૨૭,૩૮૫ | ૨૭,૧૫૮ | ૫૦ |
| નેશનલ હોર્ટી મિશન NHM | ૨૦૧૪-૨૨ | ૧૯,૪૭૮ | ૧૪,૧૦૮ | ૫,૩૭૦ | ૨૭ |
| PM પાક વિમા યોજના | ૨૦૧૪-૨૪ | ૧,૨૨,૦૫૦ | ૮૮,૬૩૫ | ૩૩,૪૧૫ | ૨૮ |
| | | ૭,૬૭,૮૧૪ | ૪,૭૬,૩૩૪ | ૨,૯૧,૪૮૦ | ૩૮ |

ભાજપા સરકારના કૃષિમંત્રાલયના આંકડા મુજબ ૨૦૨૨-૨૩ કુલ કૃષિ ઉત્પાદનના MSP ઉપર ટેકાના ભાવે કૃષિ પાક ખરીદવામાં ના આવ્યા અને ભાજપા સરકારના દાવાની અહીયા પોલ ખુલ્લી છે. ઘઉંનુ કુલ ઉત્પાદન ૧૦૬૮ લાખ ટન સામે માત્ર ૧૮૭.૫૨ લાખ ટન જ ટેકાના ભાવે કેન્દ્ર સરકારે ખરીદ કરેલ છે. એટલે કે ભાજપા સરકારના દાંત ચાવવાના અને દેખાડવાના અલગ અલગ છે.

| **કૃષિ પાકનુ નામ** | **ઉત્પાદન (લાખ ટન)** | **ખરીદી (લાખ ટન)** | **ખરીદી %** |
|---|---|---|---|
| ઘઉં | ૧૦૬૮ | ૧૮૭.૫૨ | ૧૮ |
| તેલીબિયાં | ૩૭૦ | ૦.૪૮ | ૦.૧૩ |
| દાળ | ૨૪૬.૯૦ | ૧.૩૦ | ૦.૪૭ |
| જુવાર, બાજરી, મક્કાઇ, રાગી | ૪૫૧.૭૦ | ૧.૨૮ | ૦.૨૬ |
| ડાંગર | ૧૩૦૨ | ૬૫૧ | ૫૦% |


કોરોના પ્રકોપ પછી ભાજપાના મોદી પરિવારના ભેજામા “આત્મનિર્ભર ભારત” નો નવો શબ્દ ઉમેરાયો અને વધુ એક વખત દેશની જનતાને મુર્ખ બનાવી ધ્યાન ભટકાવવાનો પ્રયોગ શરુ કર્યો, સંસદમા નાણામંત્રીએ બજેટ વાંચનમા “આત્મનિર્ભર ભારત” ના શબ્દનો ઉપયોગ કરીને વધુ એક વખત સંસદને ગુમરાહ કરી હતી. પરંતુ તેમા **“नाम बडे और दर्शन खोटे”**. ભાજપા સરકાર છેલ્લા ૧૦ વર્ષમા ભારતને એકપણ ક્ષેત્ર, ટેકનોલોજી કે ઉત્પાદનમા આત્મનિર્ભર બનાવી નથી શક્યુ. ઉપરાંત આજે દેશનુ કૃષિ ઉત્પાદન ઘટતુ જાય છે તેને કારણે આજે ખાદ્ય તેલ અને દાળમા ભારત બીજા દેશો ઉપર આધાર રાખતા થઈ ગયો છે. ખાદ્ય તેલની દેશની કુલ જરુરીયાતના ૬૦% આપણે આયાત કરીએ છીએ, ૨૦૨૩-૨૪ ના ચાલુ વર્ષમા ૧૨૧ લાખ ટન ખાદ્ય તેલ આયાત કર્યુ અને ૨૦૨૨-૨૩

માં ૧૫૭ લાખ ટન ખાદ્ય તેલ આયાત કર્યું (૧.૬૭ લાખ કરોડ રુપીયા) અને દાળ ૨૦૨૩-૨૪ (એપ્રિલ થી ડિસેમ્બર) ૨૮.૪૦ લાખ ટન દાળ આયાત કરવામા આવી જ્યારે ૨૦૨૨-૨૩ ૧૭.૫૦ લાખ ટન આયાત કરી, આમ ભાજપા સરકાર ૧૦ વર્ષમા ખાદ્ય તેલ અને દાળ માટે આત્મનિર્ભર બનાવી શકી નથી અને નાણામંત્રી સંસદમા "આત્મનિર્ભર ભારત" ના હકીકતથી જુદા વાક્યો ફેકી સંસદને ગુમરાહ કરે છે.

PM કિસાન સન્માન નિધી નામે સમગ્ર દેશમા ખુબ ઢોલ વગાડ્યો અને હકીકત ખેડુતોને છેતરવાનો ખતરનાક ખેલ.

ભાજપા સરકારે છેલ્લે ૨૦૧૫-૧૬ મા એગ્રી સેન્સેક્ષના આંકડા જાહેર કરેલ ત્યાર બાદ એગ્રી સેન્સેક્ષના કોઇ આંકડા જાહેર કરેલ નથી, તે મુજબ ૨૦૧૮ મા દેશના ખેડુતોની સંખ્યા ૧૪.૬૪ કરોડ હતી. જ્યારે PM કિસાન સન્માન નિધી સામેલ કરી ત્યારે સરકારે કહ્યુ ૧૧ કરોડ ખેડુતોને આપીશુ, આમ પહેલા જ દિવસે ૩.૬૪ કરોડ ખેડુતોને ગાયબ કરી દીધા.

ત્યાર બાદ ૨૦૨૧-૨૨ મા PM કિસાન સન્માન નિધીનો હપ્તો ૧૦.૭૯ કરોડ ખેડુતોને આપવામા આવ્યો. અને ૧૮ જુન ૨૦૨૪ મોદી ૩.૦ નવી સરકાર બની ત્યારે ૧૭ મો હપ્તો ૯.૨૬ કરોડ ખેડુતોને આપવામા આવ્યો, આ સરકારી આંકડા જોઇએ તો તેમાથી પણ ૧.૫૩ કરોડ ખેડુતોને વધુ ગાયબ કરી દીધા. આમ કુલ ૫.૧૭ કરોડ ખેડુતોને ગાયબ કરી દીધા અને તે તમામને PM કિસાન સન્માન યોજનાના લાભથી વંચિત રાખવાનો આ ભાજપા સરકારનો ખેડુત વિરોધી ખતરનાક ખેલ છે.



**મનહર પટેલ**
**પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ**